# ડીસા પંથકમાં બપોર બાદ કાળા ડીબાંગ વાદળ સાથે પવન ફુંકાયો



ડીસા પંથકમાં બપોર બાદ વાતાવરણમાં ઓચિંતો પલટો આવ્યો હતો. પવન સાથે આકાશમાં કાળા ડીબાંગ વાદળ છવાઈ જતા લોકોને કાળઝાળ ગરમીમાંથી રાહત મળી હતી. જો કે આકાશમાં કાળા ડીબાંગ વાદળ છતાં ડીસા પંથકમાં આ લખાય છે ત્યાં સુધીમાં વરસાદ નોંધાવા પામ્યો ન હતો. ડીસા અને બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી વરસાદે વિરામ ફરમાવતા ગરમીનું આક્રમણ પ્રતિદિન વધી જવા પામ્યુ હતુ. સખત ગરમી અને અસહ્ય બફારાથી લોકો આકુળવ્યાકુળ બની ગયા હતા. જ્યારે આજે બપોરના સુમારે આકાશમાં કાળા ડીબાંગ વાદળ બંધાયા હતા અને તેજ પવન ફુંકાવા લાગતા કાળઝાળ ગરમીમાંથી લોકોએ હાંશકારો અનુભવ્યો હતો. બીજી તરફ જિલ્લાના અંબાજી પાલનપુર અને ગઢ પંથકમાં વરસાદ નોંધાયો હતો. જેના કારણે વાતાવરણમાં શીતળતા છવાઈ જવા પામી હતી. આમ છેલ્લા ઘણા સમયની બ્રેક બાદ ફરી એકવાર જિલ્લામાં ચોમાસાનો માહોલ સક્રિય બની રહ્યો છે. જેના કારણે ખૂડતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી હતી. વરસાદ થાય તો ખેડૂતોને મોટો ફાયદો થઈ શકે તેમ છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ભાન્ડુ રેલવે સ્ટેશન પર એક મુસાફરે બીજા મુસાફર પર ફાયરીંગ કર્યુ

મહેસાણા, તા. ૧૩

ભૂજથી બરેલી જતી એક્સપ્રેસ ટ્રેનમાં બેઠેલા કેટલાક મુસાફરો વચ્ચે કોઈ કારણસર બોલાચાલી થયા બાદ મહેસાણા જિલ્લાના ભાન્ડુ રેલવે સ્ટેશન પાસે ઉશ્કેરાયેલ એક મુસાફરે સામાવાળા મુસાફર પર હથિયાર વડે ફાયરીંગ કરતા આ મુસાફરને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનો બનાવ બનેલ છે.

ગઈરાત્રે ભૂજથી બરેલી જઈ રહેલ એક્સપ્રેસ ટ્રેનના એક ડબામાં બેઠેલ કેટલાક મુસાફરો વચ્ચે કોઈ પ્રશ્ને ઉગ્ર બોલાચાલી થઈ હતી. દરમિયાન મહેસાણા જિલ્લાના ભાન્ડુ રેલવે સ્ટેશન નજીકથી આ ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે મામલો તંગ બની જતાં ટ્રેનના ડબામાંથી ચેઈન પુલિંગ થયું હતું. જેથી માર્ગમાં ટ્રેન થોભી ગઈ હતી. આ સમયે ડબામાં બેઠેલા ત્રણ મુસાફરો પૈકી બે જણા ડબામાંથી નીચે ઉતરી ગયા હતા અને એક ઈસમે સામાવાળા મુસાફર પર હથિયાર વડે ફાયરીંગ કર્યુ હતુ. જેમાં સામાવાળો મુસાફર ગંભીર રીતે ઘાયલ થયો હતો. ગંભીર રીતે ઘવાયેલ યુવાન મુસાફરને સારવાર માટે સમયસર હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ બનાવં ગે રેલવે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મધરાતના સુમારે ટ્રેનના ડબામાં ગોળીબારનો બનાવ બનતાં અન્ય મુસાફરોમાં ભયની લાગણી પ્રસરી હતી. ટ્રેનમાં ગોળીબારનો ભોગ બનેલ મુસાફરનું નામ મોહિન હબીબસાત સૈયદ ઉ.વ. ૧૯ રહે. અમદાવાદ હોવાનું જાણવા મળેલ છે.

## હિંમતનગર માર્કેટયાર્ડના ચેરમેન વાઈસ ચેરમેનની બિનહરીફ વરણી

હિંમતનગર, તા. ૧૩

જિલ્લાના માર્કેટયાર્ડોમાં પ્રથમ નંબરનું સ્થાન ધરાવતી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, હિંમતનગરના ચેરમેનશ્રી અને વાઈસ ચેરમેનશ્રીની ચૂંટણી આજરોજ ચૂંટણી અધિકારી અને હિંમતનગર માર્કેટયાર્ડમાં યોજાઈ હતી, જેમાં બજાર સમિતિ, હિંમતનગરના ચેરમેનશ્રી તરીકે શ્રી જેઠાભાઈ પ્રભુદાસભાઈ પટેલ અને વાઈસ ચેરમેનશ્રી તરીકે શ્રી ઝાંખવાલામો. ઈલીયાસ ગુલામનબીની બીન હરીફ સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ખેડૂત ભાઈઓએ હાજર રહી બંન્ને મહાનુભાવોને અભિનંદન પાઠવ્યા હતા. શ્રી જેઠાભાઈ પ્રભુદાસભાઈ પટેલ છેલ્લા ૧૩ વર્ષથી બજાર સમિતિના ચેરમેનશ્રી તરીકે સેવાઓ આપી રહેલ છે. તેઓની રાહબરી હેઠળ હિંમતનગર માર્કેટ યાર્ડે રાજ્યમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ચાલુ વર્ષે રાજ્યમાં ઘઉંની સૌથી વધુ આવકો હિંમતનગર માર્કેટ યાર્ડમાં રહેવા પામેલ હતી અને ખેડૂતભાઈઓને ઘઉંના સારા ભાવો પ્રાપ્ત થયા હતા. ટી.એમ.સી. પ્રોજેક્ટ હેઠળ બનાવેલ અદ્યતન નવુ કોટન માર્કેટ યાર્ડ હિંમતનગર, શામળાજી-હાઈવે પર કાર્યરત છે. કોટન માર્કેટ યાર્ડમાં વિપુલ પ્રમાણમાં કપાસ વેચાણ થવા સારૂ આવે છે અને ખેડૂત વર્ગને સારા ભાવો મળી રહે છે. આ કોટન માર્કેટ યાર્ડમાં સોઈલ ટેસ્ટીંગ લેબોરેટરી કાર્યરત છે. તેમાં ખેડૂતભાઈઓ જમીનની ચકાસણી સારૂ મહત્તમ લાભ લે છે. મુખ્ય યાર્ડના વિસ્તૃતિકરણ સારૂ તાજેતરમાં શોપ-કમ ગોડાઉનો તથા શાકભાજી-ફળફળાદીના ખરીદ વેચાણ સારૂ નવીન દુકાનો બનાવેલ છે, જેનો અમલ ટુંક સમયમાં શરૂ થનાર છે.

ભવિષ્યમાં શાકભાજી-ફળફળાદીના ખરીદ-વેચાણ માટે અદ્યતન યાર્ડ ઉભુ કરવા સમિતિ ટુંક સમયમાં નવીન જગ્યા ખરીદ કરી વિવિધ સગવડો ઉપલબ્ધ કરાવતુંયાર્ડ બનાવવા વિચારી રહેલ છે.

## મોરબીમાં ભક્તિભર્યા પર્યુષણ પર્વની ઉજવણી

ગાંધીનગર, તા. ૧૩

શ્રી મણીબહેન શેઠ જૈન પોષધશાળામાં પર્યુષણ મહાપર્વની તપ-જપ-ભક્તિભર્યા વાતાવરણમાં ઉજવાયા છે. ૬૦૦ જેટલા ભાવિકોએ લાભ લીધો હતો. કલ્પસૂત્ર વિવિધ ચડાવાનું મન મૂકીને વરસ્યા હતા. દાદા અજરામરજી સ્વામીની પુણ્યતિથિ પ્રસંગે ૨૨૫ અઠ્ઠમ થયા હતા.

## ધનસુરા પંથકમાં પદયાત્રીઓ ધમધમવા લાગ્યા : ઠેર ઠેર સેવા કેન્દ્રમાં સેવાઓ અવિરત

ધનસુરા, તા.૧૩

ભાદરવી પુનમના મેળામાં ઉત્સાહભેર હાથમાં માં અંબાજીની ધજા અને રથ સાથે જય અંબેના બુલંદ નારા સાથે ધનસુરામાં પદયાત્રીઓનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર પાંચ દિવસથી રાજયના વિવિધ વિસ્તારોમાંથી શ્રધ્ધા અને ભકિતથી મન મકકમ કરી માં ના દર્શન માટે અબાલ-વૃદ્ધ સૌ પગપાળા યાત્રિકો ધનસુરા પંથકમાં પહોંચ્યા છે. જયાં ઠેર ઠેર ભકતો માટે ઠંડા પીણા, ચા, નાસ્તો, ભોજન, દવાઓ સહિતની જરુરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હાલ ધનસુરા પંથક જય અંબેના નારાથી ગુંજી ઉઠયો છે.

## મતદારયાદી સુધારણા અંતર્ગત ઊંઝા તાલુકાના કેટલાક ગામો હજુ પણ મતદાર યાદીથી વંચિત

ઊંઝા, તા. ૧૩

આગામી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને ચૂંટણી પંચ દ્વારા છઠ્ઠી સપ્ટેમ્બરથી પાંચમી ઓક્ટોબર સુધી મતદાર યાદી સુધારણા કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ અંતર્ગત કચેરી મતદાર યાદીમાં નામ, ફોટો, કુટુંબના લાયક સભ્યોના નામ પોતાના મતદાન મથકના વિસ્તારમાં છે કે કેમ ? તે અંગેની વિગતોની ચકાસણી માટે ગ્રામ પંચાયત કચેરીઓમાં મતદારયાદી રાખવાનું નક્કી થયેલ છે. પરંતુ ઊંઝા તાલુકાના કેટલાક ગામોમાં હજી ગ્રામ પંચાયત કચેરીઓમાં મતદાર યાદી મુકાયેલ નથી.

વધુમાં તા. ૮, ૧૫, ૨૨, ૨૯ સપ્ટેમ્બરના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારના ૯ થી સાંજના ૬ વાગ્યા સુધી જે તે વિસ્તારના મતદાન મથકોએ મતદારયાદીમાં નામ નોંધાવવા જરૂરી ફોર્મ મેળવવા તેમજ ભરેલ ફોર્મ પરત આપવા મુખ્ય ચૂંટણી અધિકારી ગુજરાત રાજ્ય તરફથી આદેશ થયેલ છે. તેમ છતાં ગત તા. ૮, ૯, ૧૩ ના રોજ ઊંઝા તાલુકાના ઉનાવા સહિતના કેટલાક ગામોએ કેટલાક મતદાન મથકોએ ચૂંટણી સાથે સંકળાયેલ કર્મચારીઓ ફરક્યા જ નહતા. જેથી લોકોને ખોટો ધક્કો ખાવો પડ્યો હતો. આમ ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણીલક્ષી મતદારયાદી સુધારણા કાર્યક્રમ સાથે સંકળાયેલ બી.એલ.ઓ.ની નિષ્ક્રિયતા તેમજ તાલુકાના જવાબદાર અધિકારીઓદ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મતદાન મથકોએ નિયત થયેલ તારીખોએ બી.એલ.ઓ. હાજર રહે છે કે કેમ ? તેની કોઈ તપાસ થતી ન હોઈ આ કાર્યક્રમ અંતર્ગત જે કામગીરી થવી જોઈએ તે થતી નથી તેવું લોકોમાં બોલાય છે.




(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

ગુજરાત સરકાર આયોજીત ગરીબોની વિવિધ યોજનાઓને હાથો-હાથ પહોંચાડવા ગરીબી યોજના હેઠળ તલોદ-પ્રાંતિજ કક્ષાનો ગરીબ મેળો પ્રાંતિજ ખાતે રાજ્ય કક્ષાના કાયદા પ્રધાનના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં જનમેદની ઉમટી પડી હતી. આ ગરીબ કલ્યાણ મેળાને સંબોધતા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ગરીબ કલ્યાણ માટે અને વચેટીયા પદ્ધતિને નેસ્તનાબુદ કરવા યોજનાઓનો સીધે-સીધો લાભ ગરીબો સુધી પહોંચે ને સમાજના તમામ ક્ષેત્રે વૈશ્વિક પણે ઉદ્ધાર થાય તે માટે ગુજરાત સરકારના પ્રયાસ છે. તેમ જણાવ્યું હતું. બાદમાં પદાધિકારીઓ અને અધિકારી વાડીલાલ પટેલ, મહેન્દ્રસિંહ ચૌહાણ, જયસિંહ ચૌહાણ, કૌશલ્ય કુંવરબા, હેમલતાબેન પટેલ, પ્રભારી સચિવ જયંતિ એસ. રવિ, ભંશાનિધિ, આશાબેન શાહ વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાંન્ત કક્ષાના ગરીબ કલ્યાણ મેળામાં પ્રાંતિજ તાલુકાના ૯૨૯ જેટલા ગરીબ લાભાર્થીઓને રૂ. ૭૦.૩૦ લાખ રૂપિયાના સાધન સહાયો તેમજ તલોદ તાલુકાના ૬૦૬ ગરીબ લાભાર્થીઓને ૫૫.૧૯ લાખ મળી કુલ તાલુકાના ૧૫૩૫ જેટલા લાભાર્થીઓને કુલ રૂ. ૧૨૫.૪૯ રૂપિયાની સાધન સહાય કિસ્સાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## અંબાજી ભાદરવી મેળાને અનુલક્ષી સેવા કેમ્પના આયોજકો માટે કરાયેલ હુકમ

અંબાજી મુકામે ભાદરવી પૂનમનો મેળો ભરાનાર છે. આ મેળામાં મોટી સંખ્યામાં ભાવિક ભકતો-યાત્રાળુઓ અંબાજી મુકામે આવતા હોય છે. સમગ્ર જિલ્લામાંથી પગપાળા યાત્રાળુઓ અને સંઘો આવતા હોય છે. મેળા નિમિતે સ્થાનિક ગ્રામજનો, સંસ્થાનો, સંસ્થાઓ, સંગઠનો, વ્યક્તિઓ ધ્વારા પગપાળા યાત્રિકોની સેવા માટે સેવા કેમ્પ ઉભા કરવામાં આવતા હોય છે. આવા સેવા કેમ્પો ઉપર કેટલાંક નિયમનો મુકવા જરૂરી છે. આથી શ્રી સુધીર બી. પટેલ (જી.એ.એસ) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, બનાસકાંઠા પાલનપુર દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) ના ખંડ(સી) અન્વયે મળેલ સત્તાની રૂએ અંબાજી તરફના તમામ માર્ગો ઉપર સેવા કેમ્પોના આયોજકો માટે નીચેની વિગતે અમલ કરવા હુકમ કરવામાં આવ્યો છે. (૧) સેવાકેમ્પના આયોજકોએ રોડ ધારથી ૧૦ મીટર દૂર સેવા કેમ્પ ઉભા કરવાના રેહેશે. (૨) સેવા કેમ્પમાં ૨૦ એમ.એમ.થી પાતળા પ્લાસ્ટીકનો ઉપયોગ થઇ શકશે નહિ તથા પ્લાસ્ટીકનો બને તેટલો ઓછો ઉપયોગ કરવાનો રહેશે.(૩) આયોજકોએ સેવા કેમ્પને ધ્યાનમાં રાખી કચરાના નિકાલ માટે જરૂરી વ્યવસ્થા કરવાની રહેશે તેમજ કેમ્પ આગળ કચરાપેટી મુકવાની રહેશે. (૪) સેવા કેમ્પ આગળ રસ્તા ઉપર બમ્પ બનાવી શકાશે. આ -તિબંધ તા. ૧૩/૯/૨૦૧૩ થી તા. ૧૯/૯/૨૦૧૩ સુધી (બંને દિવસો સહીત) અમલમાં રહેશે.

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| પાટણ | | |
|---|---|---|
| જીરૂ | ૨૧૫૦ | ૨૩૮૦ |
| વરીયાળઈ | ૮૫૦ | ૧૪૦૦ |
| બંટી | ૨૫૦ | ૨૭૨ |
| રાયડો | ૫૬૫ | ૬૩૩ |
| એરંડા | ૬૯૦ | ૭૨૪ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૯ |
| ગવાર | ૧૪૦૦ | ૧૬૦૫ |

| તલોદ | | |
|---|---|---|
| એરંડા | ૭૦૫ | ૭૧૩ |
| ઘઉં | ૩૦૮ | ૩૫૦ |
| બાજરી | ૨૨૦ | ૨૮૯ |
| ગવાર | ૧૩૦૦ | ૧૬૩૧ |

| સલાલ | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૫ | ૨૫૦ |
| ડાંગર નવા | ૩૦૦ | ૩૩૫ |

| પ્રાંતિજ | | |
|---|---|---|
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૦ |
| બાજરી | ૨૨૫ | ૨૬૦ |

| ધનસુરા | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૫ | ૨૭૫ |

| ખેડબ્રહ્મા | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૩૧૩ | ૩૨૦ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૯૨ | ૨૯૯ |
| એરંડા | ૭૦૫ | ૭૧૦ |

| મોડાસા | | |
|---|---|---|
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| બાજરી | ૨૪૦ | ૨૭૨ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૧૨૪૦ | ૧૫૯૪ |

| ટીંટોઈ | | |
|---|---|---|
| મકાઈ | ૨૮૦ | ૩૦૩ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૧ |
| ગવાર | ૧૪૫૦ | ૧૬૩૦ |

| દહેગામ | | |
|---|---|---|
| બાજરી | ૨૧૪ | ૨૬૪ |
| ઘઉં | ૩૧૦ | ૩૧૮ |
| ડાંગર | ૨૬૫ | ૩૦૦ |
| એરંડા | ૭૦૪ | ૭૦૭ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૫૦ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૫ |
| તુવેર | ૫૨૫ | ૬૨૦ |
| જુવાર | ૩૨૫ | ૩૬૦ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

| રખિયાલ | | |
|---|---|---|
| બાજરી | ૨૧૨ | ૨૬૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૧૫ |
| ડાંગર | ૨૬૦ | ૨૯૦ |
| એરંડા | ૭૦૨ | ૭૦૫ |
| ગવાર | ૧૩૫૦ | ૧૫૦૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૧૦ |
| જુવાર | ૩૧૦ | ૩૫૦ |
| રાયડો | ૫૧૦ | ૫૬૦ |

| હિંમતનગર | | |
|---|---|---|
| મગફળી | ૫૩૦ | ૫૮૦ |
| એરંડા | ૭૧૫ | ૭૨૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૮૯ |
| બાજરી | ૨૧૦ | ૨૫૬ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૬૩૫ |

| ઈડર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૩૫૬ |
| મકાઈ | ૩૦૩ | ૩૪૨ |
| એરંડા | ૭૧૦ | ૭૨૧ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| મગફળી | ૫૦૦ | ૫૫૦ |
| તલ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૫૯૯ |
| જુવાર | ૩૬૦ | ૩૯૫ |

| કડી | | |
|---|---|---|
| ઘઉં | ૨૫૭ | ૩૪૫ |
| ડાંગર | ૨૦૦ | ૩૦૫ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| બંટી | ૨૬૦ | - |
| જવ | ૨૭૦ | - |
| સવા | ૬૫૦ | ૬૪૦ |
| ગવાર | ૧૪૫૦ | ૧૬૦૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૪ |
| રાયડો | ૫૮૫ | - |
| જીરૂ | ૨૩૨૦ | ૨૪૬૬ |

| પાલનપુર | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૧ | ૩૯૦ |
| બાજરી | ૨૨૩ | ૨૬૪ |
| એરંડા | ૭૧૮ | ૭૨૮ |
| રાયડો | ૬૦૦ | ૬૧૬ |
| રાજગરો | ૧૧૪૧ | ૧૨૧૫ |
| મગફળી | ૬૭૨ | ૭૫૦ |
| ગવાર | ૧૧૫૦ | ૧૬૭૬ |

| સિદ્ધપુર | | |
|---|---|---|
| મગ | ૮૦૦ | ૧૧૦૦ |
| ચોખા | ૭૫૦ | - |
| જવ | ૫૮૦ | ૬૨૬ |
| એરંડા | ૬૬૦ | ૭૨૧ |
| ગવાર | ૮૬૧ | ૧૬૬૫ |
| ઘઉં | ૨૯૫ | ૩૬૦ |
| બાજરી | ૧૮૦ | ૨૭૧ |

| ઉંઝા | | |
|---|---|---|
| જીરૂ | ૧૮૫૫ | ૨૭૪૫ |
| વરીયાળી | ૭૯૧ | ૧૭૭૨ |
| ઈસબગુલ | ૧૧૧૧ | ૧૫૦૦ |
| રાયડો | ૫૩૦ | ૬૬૫ |
| તલ | ૨૦૦૦ | ૨૨૭૧ |
| સવા | ૬૨૫ | ૭૦૫ |

| વિસનગર | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૫ | ૩૮૬ |
| બાજરી | ૨૦૦ | ૨૮૮ |
| રાયડો | ૫૭૦ | ૬૧૩ |
| એરંડા | ૭૦૦ | ૭૨૭.૫૦ |
| જુવાર | ૩૦૫ | ૪૫૧ |
| મગ | ૮૫૦ | ૯૪૧ |
| ગવાર | ૧૩૦૦ | ૧૬૬૩ |
| રજકાના બી | ૧૨૦૦ | ૨૬૦૧ |

| મહેસાણા | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૩ | ૩૪૮ |
| જીરૂ | ૧૬૨૫ | ૨૪૫૦ |
| રાયડો | ૫૬૦ | ૬૧૮ |
| મેથી | ૫૨૬ | - |
| સવા | ૬૦૦ | ૬૬૯ |
| બાજરી | ૨૨૩ | ૩૦૦ |
| એરંડા | ૬૮૮ | ૭૦૮ |
| અજમો | ૪૦૦ | ૯૩૦ |
| ગવાર | ૧૫૩૬ | ૧૬૧૬ |
| બંટી | ૩૩૧ | - |
| રજકાબી | ૧૯૦૦ | ૨૪૪૫ |

| આંબલીયાસણ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૨૫ |
| બાજરી | ૨૨૦ | ૨૫૦ |
| રાયડો | ૫૪૫ | ૫૯૧ |
| એરંડા | ૬૯૮ | ૭૦૮ |
| ગવાર | ૧૫૮૧ | ૧૬૦૦ |

| જોટાણા | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૨૭ |
| એરંડા | ૭૦૦ | ૭૦૭ |
| રાયડો | ૫૯૦ | ૫૯૩ |
| બાજરી | ૧૫૦ | - |
| ગવાર | ૧૪૧૫ | ૧૪૭૮ |

| હારીજ | | |
|---|---|---|
| રાયડો | ૬૦૫ | ૬૨૮ |
| એરંડા | ૭૦૦ | ૭૨૫ |
| બાજરી | ૨૨૦ | ૨૬૬ |
| ઘઉં | ૩૦૦ | ૩૪૧ |
| ગવાર | ૧૪૦૦ | ૧૬૪૧ |
| મગ | ૭૫૦ | ૯૫૦ |
| ચણા | ૫૨૮ | ૫૭૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૨૫૩૧ |
| સાસટો | ૨૮૦ | ૩૫૬ |
| સવા | ૬૪૦ | ૭૧૧ |
| મેથી | ૫૫૦ | - |

| કલોલ | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૭ | ૩૪૫ |
| એરંડા | ૨૪૫ | ૨૮૦ |
| રાયડો | ૬૧૨ | ૬૧૫ |
| ડાંગર | ૨૫૦ | ૪૩૦ |
| ગવાર | ૧૫૦૧ | ૧૭૦૦ |

| બાયડ | | |
|---|---|---|
| એરંડા | ૬૮૫ | ૭૦૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૧૫ |
| બાજરી | ૨૨૫ | ૨૫૫ |
| મકાઈ | ૨૮૫ | ૩૧૦ |
| ગવાર | ૧૨૫૦ | ૧૬૦૦ |

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
AGL TILES WORLD Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ
● વ્હીલ એલાઇનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઇઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઇલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઇલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઇઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઇલના ઓથોરાઇઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન